**Advertisement**

Gujarat Horticulture Mission invites application for selection of consultant on contractual basis. Interested Candidates have requested to apply with Bio data at following address before Dated 02/02/2019.

| Sr. No. | Post | Total | Salary | Qualification |
|---|---|---|---|---|
| 1 | Field Consultant/ Technical Assistant | 80 | 20000 | B.Sc. (Horti) /M.Sc (Agri) Horti. Candidate. |

**For Detail see our Website: http://www.doh.gujarat.gov.in**

**Mission Director**
**Gujarat Horticulture Mission**
**Krushi bhavan , Sector 10/A,**
**Gandhinagar-382010, Gujarat.**
**shmguj@yahoo.in Ph.-079-23256103**

**-sd-**
**Mission Director**
**Gujarat Horticulture Mission**
**GS, Gandhinagar**

**જાહેર નિવિદા**

બાગાયત નિયામકની કચેરી, ગુ.રા.

કૃષિભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. (૦૭૯) ૨૩૨૫૬૧૦૩

બાગાયત ખાતા હસ્તક ગુજરાત હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત કામગીરી માટે ૮૦ ફિલ્ડ કન્સલટન્ટ/ટેકનિકલ આસીસ્ટન્ટની જગ્યાઓ કરાર આધારીત ૧૧ (અગીયાર) માસ માટે માસિક રૂપિયા ૨૦૦૦૦/- (વીસ હજાર) ના ફિકસ પગારે ભરવા માટે બી.એસ.સી( હોર્ટી) / એમ.એસ.સી(એગ્રી) હોર્ટી ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો નામ સરનામા સહિત જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે લેખિત અરજી આ કચેરીએ ઉપર મુજબનાં સરનામે તા. ૦૨/૦૨/૨૦૧૯ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવ છે.

વધુ માહિતી માટે અત્રેની વેબસાઈટ::
**http://www.doh.gujarat.gov.in** જોવા વિનંતી.

સહી/-

મિશન ડાયરેકટર, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન અને
બાગાયત નિયામક, ગુ.રા. ગાંધીનગર.

## ગુજરાત હોર્ટીકલ્ચર મિશન, બાગાયત નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

## ફિલ્ડ કન્સલ્ટન્ટની માસિક ફિક્સ પગારથી કરાર આધારિત ભરતી માટેની વિગત દર્શાવતું પત્રક

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉમેદવારનું પૂરૂ નામ અટક પહેલાં લખવી | | તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવવો (સહી સહિત) |
| ૨. | પત્ર વ્યવહારનું હાલનું સરનામું ફોન નંબર/મોબાઈલ નંબર/ ઈ-મેલ એડ્રેસ | | |
| ૩. | (અ) જન્મ તારીખ | | |
| | (બ) જાતિ (સ્ત્રી / પુરૂષ) | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪. | કેટેગરી | અ.જ.જા. | અ.જા. | શા.શૈ.પ. | શા.ખો.ખાં. | સામાન્ય |
| ૫. | કોમ્પ્યુટરની જાણકારીની વિગત | | | | | |
| ૬. | માતૃભાષા / રાષ્ટ્રીયતા | | | | | |
| ૭. | શૈક્ષણિક લાયકાત | | | | | |

| | સ્તર | મેળવેલ ટકા | વર્ષ | યુનિ. /સંસ્થાનું નામ | મુખ્ય વિષય |
|---|---|---|---|---|---|
| | બી. એસ. સી.(હોર્ટી) | | | | |
| | એમ.એસ.સી. (એગ્રી) હોર્ટી | | | | |
| | અન્ય | | | | |
| ૮. | અન્ય સંબંધકર્તા માહિતી | | | | |

| ૯. | અનુભવની વિગત | સંસ્થાનું નામ | હોદ્દો | તારીખ થી | તારીખ સુધી | વર્ષ | માસ | ફરજનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| | |
|---|---|
| ૧૦. | નિમણૂંકની પસંદગીના જિલ્લા:- પ્રથમ, દ્વિતીય, અન્ય કોઈપણ |
| | ઉમેદવારની સહી : |

**કચેરી કામગીરી માટે**

| ચકાસેલ પ્રમાણપત્ર : | | |
|---|---|---|
| બી. એસ. સી (કૃષિ)/(હોર્ટી) | અનુસૂચિત જાતિ | DOEACC (CCC) |
| | અનુસૂચિત જન જાતિ | સરકાર માન્ય સંસ્થા |
| અન્ય | શા. શૈ.પ. (તા.૧-૪-૧૨ પછી) | અન્ય |
| તપાસનારની સહી:<br>નામ:<br>હોદ્દો : | | |

૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી/માનદ્દ વેતનની નિમણૂંકો અંગેની બોલીઓ અને શરતો

1. શ્રી/શ્રીમતિ/કુમારી..................................................................ને કરારના સમયગાળા દરમ્યાન કામગીરી પેટે રૂ. ૨૦,૦૦૦/- ના માસિક ફીક્સ માનદ્દ વેતન મળશે. તેઓની કામગીરી કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.
2. ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીક્સ માનદ્દ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.
3. કરાર આધારીત સેવા આપનારે તેમને મળનાર માસિક વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.
4. નિયત ફીકસ માનદ્દ વેતન પર કોઈપણ જાતના ભથ્થાં મળાવાપાત્ર થશે નહીં.
5. કરારના સમયગાળા દરમ્યાન શ્રી/શ્રીમતિ/કુમારી..................................................................ને માનદ્દ વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.
6. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.
7. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ કામગીરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવી અન્ય કોઈ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.
8. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી કામગીરીના સમયગાળાની માનદ્દ વેતનની લેણી રકમ કર્મચારીના કુંટુંબીજનોને મળાવાપાત્ર થશે. પરંતુ, બીજા લાભ એકસીગ્રેસીસ લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.
9. શ્રી/શ્રીમતિ/કુમારી..................................................................ને સમાન સંવાર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહીં.
10. શ્રી/શ્રીમતિ/કુમારી..................................................................ને કરારના સમય દરમ્યાન માસિક એક લેખે કૂલ ૧૧ રજા મળવાપાત્ર થશે અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે.
11. શ્રીમતિ/કુમારી..................................................................એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરીજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડીશ કાશે નહીં.
12. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે કામગીરી સમાપ્ત કરવામાં આવશે.

13. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજીકોઈ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.
14. વ્યવસાયવેરાની કપાત નિયમાનુસાર માનદ્દ વેતનમાંથી કરી લેવાની રહેશે.
15. કામગીરીના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહીં.
16. કરાર આધારીત માનદ્દ વેતનથી કામગીરી કરતી વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં.
17. ઉપરોક્ત શરતો નિમણૂંક પામનાર વ્યક્તિને સ્વિકાર્ય છે, તે અંગેનું સમંતિપત્ર મેળવવાનું રહેશે.
18. કરારથી માનદ્દ વેતનથી જોડાનાર વ્યક્તિએ કરાર કરવાનું સ્વિકારતાં પહેલાં તેમની સેવાલેનાર સત્તાધિકારીને યોગ્યલાગે તો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અધતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજૂ કરવાનો રહેશે. આ અંગે વીમાના પ્રિમીયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહીં.
19. કરારથી,ફીકસપગારથી/માનદ્દ વેતનથી જોડાનાર ઉમેદવારે તેમને ફાળવવામાં આવતી ફરજો બજાવવાની રહેશે.
20. ઉમેદવાર હાજર થવા આવે ત્યારે શારીરિક યોગ્યતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ફરજ ઉપર હાજર કરવાના રહેશે. હાજર રીપોર્ટની નકલ અત્રે મોકલી આપવાની રહેશે. તથા આદેશ સાથે સામેલ કરેલ શરતો અને બોલીઓ કબુલ મંજુર /સ્વીકાર્ય છે. તે બદલની સંમતિપત્ર, બાહેધરીપત્ર, જામીનખત, વફાદારી પ્રતિજ્ઞા અંગેના પત્રકોમાં ઉમેદવારની સહીઓ/સંમતિઓ મેળવી તથા શૈક્ષણિક લાયકાત, જાતિ, સ્કુલ લીવીંગ,અનુભવ વગેરેના પત્રોની નકલ ઉમેદવાર પાસેથી મેળવી અત્રે મોકલી આપવાના રહેશે.
21. કરારથી ફિક્સ પગારથી/માનદ્દ વેતનથી જોડાનાર ઉમેદવારે તેમની કામગીરીના જીલ્લામાં નીચે મુજબની ફરજો બજાવવાની રહેશે.
    1. નેશનલ હોર્ટીકલ્ચર મિશનનું અમલીકરણ કરવાની કામગીરી.
    2. ફિલ્ડ વેરીફીકેશનની કામગીરી.
    3. ડેટા બેઈઝનું કલેક્શન તથા મેન્ટેનન્સ કામગીરી.
    4. ઓનલાઈન વર્ક ફ્લો મેનેજમેન્ટ સિસ્ટમ
    5. અધિકારીશ્રી તરફથી સોંપવમાં આવે તે યોજનાકીય કામગીરી.

ઉપર જણાવેલ તમામ બોલીઓ અને શરતો મને કબૂલ મંજુર છે.

ઉમેદવારની સહી..................